## તમે શું કરી શકો છો?

1.. **ચિહ્નોનું જ્ઞાન મેળવો.** અમારા સૂચન કરનાર કાર્ડ્સનો ઓર્ડર આપો, આ અનુકૂળ પાકીટના કદના કાર્ડ્સ 17 ભાષાઓમાં ઉપલબ્ધ છે જે મહત્વના ચિહ્નો દર્શાવે છે. તમારા સ્થાનિક વિસ્તારમાં એવા લોકોને તમે આ કાર્ડ્સની વહેંચણી કરી શકો છો કે જે ભોગ બનતા લોકોના સંપર્કમાં આવી શકતા હોય. અમે સૌ પ્રથમ જવાબ આપનારાઓ અને આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓ માટે અનુરૂપ સૂચક કાર્ડ્સ પણ બનાવ્યા છે.વધુ માહિતી અહીં મેળવો: www.dhs.gov/Bluecampaign.

2. **જાણ કરવાની ખાસ રીત.** જો તમે કોઈ વ્યક્તિના સંપર્કમાં આવો જે મનુષ્યના ગેરકાયદેસર વેપારનો ભોગ બનેલી હોવાનું તમે વિચારતા હો, અથવા જો તમે કાયદો લાગુ કરનાર વ્યક્તિ હો અને તમારા વિસ્તારમાં HSI નાં સંપર્કમાં આવવા ઇચ્છતા હો, તો HISની ટિપલાઇનનો સંપર્ક કરો:
   - **(866) 347-2423** નંબર પર ફોન કરો (યુ.એસ. અને કેનેડામાંથી વિના મૂલ્યે)
   - **(802) 872-6199** નંબર પર ફોન કરો (દુનિયામાં કોઈ પણ જગ્યાએથી, ખર્ચ લાગશે)
   - અથવા, ઓનલાઇન જાણ કરો *www.ice.gov/tips* (ઇન્ટરનેટ પર કોઈ પણ જગ્યાએથી)

   ઉચ્ચતમ તાલીમબદ્ધ કાયદો લાગુ કરનાર નિષ્ણાતો, મનુષ્યનો ગેરકાયદેસર વેપાર કરનાર અંગે ખાસ માહિતી મેળવવા અને દેશભરમાં તથા દુનિયાભરમાં ફરજ પર હાજર સંબંધિત સંશોધકોને સંબંધિત માહિતી ઝડપથી મોકલવા માટે, દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ ઉપલબ્ધ હોય છે. અનામી ખાસ માહિતીની જાણ ઓનલાઇન ફોર્મ દ્વારા અને ટિપલાઇન મારફતે વિના મૂલ્યે કરી શકાય છે.

   **નેશનલ હ્યુમન ટ્રાફિકીંગ રિસોર્સ સેન્ટરને (NHTRC) 1-888-373-7888 નંબર પર ફોન કરો:**
   - મદદ મેળવવા અને તમારા વિસ્તારમાં સેવા આપનાર સાથે જોડાવા માટે;
   - સંભવિત રીતે મનુષ્યનો ગેરકાયદેસર વેપાર કરનારની પ્રવૃત્તિની માહિતી પૂરી પાડવા માટે; અથવા
   - તાલીમ, વ્યવસાયિક સહાયતા, કે સંસાધનોની માગણી કરીને વધુ માહિતી મેળવવા માટે.

   NHTRC એક રાષ્ટ્રીય, વિના મૂલ્ય હોટલાઇન છે જે દેશમાં કોઈ પણ જગ્યાએથી, દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ અને આખું વર્ષ ફોન કૉલ્સના જવાબ આપવા ઉપલબ્ધ છે. NHTRC કાયદો લાગુ કરનાર કે ઇમિગ્રેશન સત્તા નથી અને તેનું સંચાલન બિન-સરકારી સંસ્થા કરે છે.

3. **તમારા વિસ્તારમાંની હોમલેન્ડ સિક્યુરિટી ઇન્વેસ્ટિગેશન્સને (HSI) જાણો.** તમારા વિસ્તારમાં મનુષ્યના ગેરકાયદેસર વેપાર કરનારને અટકાવવા કાર્યરત સ્પેશિયલ એજન્ટ્સ અને ભોગ બનનારને સહાયતા આપનાર નિષ્ણાતો નો સંપર્ક કરવા માટે HSI ટિપલાઇનને ફોન કરો અને સહિયારી તપાસ કરી શકાય તેવો કેસ તમારી પાસે આવે તે પહેલાં, સાથે મળીને કામ કરવા માટે, મુખ્ય ભૂમિકા ભજવવા માટે અને કેસ અંગેની જાણ તેમજ ગુપ્ત માહિતીની જાણ કરવા માટે તેઓ સાથે સંબંધ બાંધો.

4. **તમારા વિસ્તારના કાર્ય વિશેષ દળથી માહિતગાર થાવ.** મનુષ્યના ગેરકાયદેસર વેપાર માટેનું કાર્ય વિશેષ દળ સરકાર, રાજ્ય, સ્થાનિક સત્તાધીશો અને ટ્રાઇબલ કાયદો લાગુ કરનારાઓ અને વકીલ તેમજ ભોગ બનનારાઓને સેવા આપનાર બિન-સરકારી સંસ્થાઓનું બનેલું હોય છે. તમારા વિસ્તારમાં મનુષ્યના ગેરકાયદેસર વેપાર માટેનું કાર્ય વિશેષ દળ છે કે કેમ તે શોધી કાઢવા વેબસાઇટ જુઓ: www.bja.gov. જો કોઈ હોય, તો તેઓ સાથે સંબંધ સ્થાપીને તેઓના પ્રયત્નોમાં જોડાઓ.

5. **પોતાની જાતને અને તમારા સાથી કર્મચારીઓને શિક્ષિત બનાવો.** જો તમે કાયદો લાગુ કરનાર વ્યક્તિ હો, તો અમારી કોમ્પ્યુટર-આધારિત, ક્રિયાપ્રતિક્રિયા કરતી મફત તાલીમ તમને વધારે અસરકારક બનવામાં મદદરૂપ થવા માટે ઇન્ટર્વ્યૂ અને તપાસ કરવાની જુદી જુદી વ્યૂહરચનાઓ બતાવે છે. વેબસાઇટ જુઓ: www.fletc.gov/training/programs/human-trafficking-training-program. જો તમે સૌ પ્રથમ પ્રતિક્રિયા આપનાર કે આરોગ્ય સંભાળ રાખનાર વ્યવસાયિક હો, તો અમારી પ્રચલિત ઓનલાઇન, ક્રિયાપ્રતિક્રિયા કરતી તાલીમ લો અને અમારો સૌ પ્રથમ જવાબ આપનારનો વીડિયો જુઓ. વેબસાઇટ જુઓ: *www.dhs.gov/Bluecampaign*.

૬. **Blue Campaign (બ્લૂ કેમ્પેઇન) વેબસાઇટ જુઓ.** તમે મનુષ્યના ગેરકાયદેસર વેપારનો અંત લાવવાની લડતમાં કેવી રીતે જોડાઈ શકો તેને લગતી વધુ તાલીમ, સહેલાઇથી મેળવી શકાતી માહિતી સામગ્રીઓ, ભોગ બનનાર માટેની સહાયતા સામગ્રીઓ અને માહિતી માટે, વેબસાઇટ જુઓ: *www.dhs.gov/Bluecampaign*. ફેસબુક પર અમને પસંદ કરો, "Like": *www.facebook.com/bluecampaign*. અથવા, અમારો સંપર્ક કરો: *BlueCampaign@hq.dhs.gov*.

**વિક્ટિમ આઇડેન્ટિફિકેશન**
કાયદો લાગુ કરનાર, સૌ પ્રથમ જવાબ આપનાર અને આરોગ્ય સંભાળ વ્યવસાયિકો



# તમે શું કરી શકો છો?

***મનુષ્યના ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારને ઓળખી કાઢીને સંદિગ્ધ કેસો નોંધાવવા***

BLUE CAMPAIGN
One Voice. One Mission. End Human Trafficking.

# તમે શું કરી શકો છો?

*મનુષ્યના ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારને ઓળખી કાઢીને સંદિગ્ધ કેસો નોંધાવવા*

## ભોગ બનનારાઓને સરળતાથી ઓળખી શકાય છે.

તમારી ફરજના સમયગાળા દરમિયાન મનુષ્યના ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારાઓનો ભેટો થવાની શક્યતા છે મનુષ્યનો ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારાઓ આપણાં સમાજમાં જોવા મળે છે. કાયદો લાગુ કરનારાઓ આવા ભોગ બનેલાઓના સંપર્કમાં આ રીતે આવતા હોય છે: ઘરેલું અશાંતિના ફોન કૉલ્સ દરમિયાન; મસાજ પાર્લરોના કોઈ બનાવ વખતે પ્રતિસાદ આપતી વખતે;, બાર અને સ્ટ્રિપ ક્લબોમાં, અથવા તો નિત્યક્રમ પ્રમાણે ટ્રાફિકમાં અવરોધ વખતે. સૌ પ્રથમ પ્રતિક્રિયા આપનારાઓ અને આરોગ્ય સંભાળ રાખનાર વ્યવસાયિકોના ધ્યાનમાં આવા ચિહ્નો જ્યારે તેઓ હોસ્પિટલો કે તબીબોની ઑફિસોમાં કે કટોકટીના સમયે દર્દીઓની સારવાર કરી રહ્યાં હોય ત્યારે આવી શકે. આવા ભોગ બનનારાઓ રેસ્ટોરેંટોમાં, ફેક્ટરીઓમાં, બાંધકામ સ્થળોએ કે ખેતરોમાં કામ કરતા હોય ત્યારે આરોગ્ય અને સુરક્ષા નિરીક્ષકોની નજરમાં આવી શકે છે.

## મનુષ્યનો ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારાઓ યુ.એસ. નાગરિકો સહિતના કોઈ પણ ઉંમરના, જાતિના, લિંગ (પુરુષ અથવા સ્ત્રી) કે રાષ્ટ્રીયતાના હોઈ શકે છે

તેઓ કાયદેસર કાયમી વસવાટની સ્થિતિ ધરાવતા હોઈ કે ના પણ હોઈ શકે. ભોગ બનનારાઓ કાયદેસર અને ગેરકાયદેસર એમ બન્ને મજૂર ક્ષેત્રોમાં જોવા મળતા હોય છે; કેટલાકને સારા પગારની નોકરીઓ, કે પ્રેમ જેવા ખોટા વચનોની લાલચ આપવામાં આવતી હોય છે. ઘણી વાર, તેઓ પર ઘરેલું ગુલામી, ખેતર કે ફેક્ટરી મજૂર, અથવા અન્ય પ્રકારના બળજબરી પૂર્વકના મજૂર, કે વાણિજ્યક જાતીય સંબંધ બાંધવાનું (વેશ્યાવૃત્તિ કરવાનું) દબાણ કે જબરદસ્તી કરવામાં આવે છે. સરકારના કાયદા હેઠળ, વાણિજ્યક જાતીય સંબંધ બાંધવામાં સંડોવાતી દરેક સગીર વ્યક્તિ મનુષ્યનો ગેરકાયદેસર વેપારનો ભોગ બનેલી હોય છે.

## મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ કેવી રીતે કાર્ય કરતા હોય છે

મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ નજીવી કે બિલકુલ સામાજીક સુરક્ષા ન ધરાવતા લોકોનો શિકાર કરતા હોય છે. તેઓ આર્થિક તંગી, ઘરેલું હિંસા, કુદરતી આપત્તિઓ, કે રાજકીય અસ્થિરતા જેવા વિવિધ કારણોસર નબળા હોય તેવા લોકોને શોધતા હોય છે. મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ લોકોને ફસાવવા અને ગુલામ બનાવવા માત્ર હિંસા કે હિંસાનો ડર જ નહિ, પણ માનસિક જુલમ સહિતની વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે. આ આઘાત એટલો જબરદસ્ત હોઈ શકે છે કે ઘણાં લોકો પોતાને ભોગ બનનાર તરીકે ન પણ ગણે અથવા તો જાહેરમાં બહુ ભીડ હોય તો પણ મદદ મેળવવા માટે ન કહે.

## મનુષ્યનો ગેરકાયદેસર વેપાર કરવાના ચિહ્નો

મહત્વના સૂચકો ઓળખી કાઢવાથી કોઈનું જીવન બચાવી શકાય છે. ભોગ બનનારાઓને ઓળખી કાઢવામાં આ પહેલું પગલું છે. મનુષ્યના ગેરકાયદેસર વેપાર સંબંધિત દરેક પરિસ્થિતિમાં નીચેના તમામ સૂચકો હોતા નથી. કોઈ પણ સૂચકની હાજરી કે ગેરહાજરી મનુષ્યનો ગેરકાયદેસર વેપારનો પુરાવો બને તે જરૂરી નથી.

જો તમે કાયદાનો અમલ કરાવનાર હો, તો કૃપા કરી તમારા વિસ્તારમાંની હોમલેન્ડ સિક્યુરિટી ઇન્વેસ્ટિગેશન્સની (HSI) ફિલ્ડ ઑફિસમાં જાવ અથવા કોઇ તપાસ પર સહિયારી કામગીરી કરવા, કે ખાસ માહિતી નોંધાવવા માટે મનુષ્યના ગેરકાયદેસર વેપાર માટેના કાર્ય વિશેષદળ ને મળો. HSI ગેરકાયદેસર મનુષ્યનો વેપાર કરનારાઓની તપાસ કરીને તેઓની ધરપકડ કરવા જવાબદાર રહે છે. તમારા સુપરવાઇઝરને જાણ કરવા અને યોગ્ય સ્થાનિક સત્તાધીશોને પ્રવૃત્તમય કરવા તમારે સંસ્થાને સંબંધિત શિષ્ટાચારનું પાલન કરવાનુ રહેશે. જો તમે સૌ પ્રથમ જવાબ આપનાર હો, તો કૃપા કરી ખાસ માહિતી નોંધાવો. તમારી અને ભોગ બનનારની સુરક્ષા અમારા માટે સર્વોપરી છે. **તમે કાયદો લાગુ કરનાર ના હો તો, કોઈ પણ સમયે સંદિગ્ધ ગેરકાયદેસર વેપાર કરનારનો સીધો સામનો કરવાનો કે ભોગ બનનારને તમારી શંકાઓ જણાવીને ચેતવવાનો પ્રયત્ન કરશો નહીં.**

### મજૂર કે સેવા સૂચકો

- શું વ્યક્તિની જે હેતુસર ભરતી કરવામાં આવી હતી તેનાથી વિપરીત બીજા કોઈ કામમાં પ્રવૃત્તમય થવાનું દબાણ તેના પર કરવામાં આવ્યું હતું?
- શું આરોપ મૂકેલું ઋણ ચૂકવવા વ્યક્તિના પગારમાં કલ્પિત ઉમેરો કરવામાં આવ્યો છે?
- શું વ્યક્તિ પર જાતીય પ્રવૃત્તિઓ કરવા દબાણ કરવામાં આવ્યું હતું? શું વ્યક્તિ વાણિજ્યક જાતીય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તમય કિશોર વયની છે?
- શું વ્યક્તિ વધારે પડતો લાંબો સમય અને/અથવા અસામાન્ય કલાકો સુધી કામ કરે છે?
- શું વ્યક્તિએ પરિસ્થિતિ પ્રમાણે અથવા પોતાની કામની સ્થિતિ પ્રમાણે અપૂરતો પહેરવેશ પહેર્યો છે?

### નિયંત્રણ સૂચકો

- શું વ્યક્તિ પાસે પોતાની ઓળખના અને પ્રવાસના દસ્તાવેજો છે; જો નહિ, તો આ દસ્તાવેજો કોના કાબૂમાં છે?
- શું વ્યક્તિએ શું કહેવું તેવી તાલીમ મેળવી હોય તેવું જણાય છે? શું આ વ્યક્તિની સાથી પરિસ્થિતિને કાબૂમાં રાખતી કોઈ વ્યક્તિ હોવાનું જણાય છે?
- શું વ્યક્તિ કે તેઓના કુટુંબીજનને નુકસાન પહોંચાડવાની ધમકી આપવામાં આવી છે?
- શું વ્યક્તિ ભયગ્રસ્ત, કાયર કે તાબે થનારો છે?
- શું વ્યક્તિને દેશનિકાલ કરવાની કે કાયદો લાગુ કરવા કાર્યવાહી કરવાની ધમકી આપવામાં આવી છે?
- શું વ્યક્તિ ગૂંચવાયેલ, ગભરાયેલ છે અથવા શું આ વ્યક્તિ માનસિક કે શારીરિક અત્યાચારના ચિહ્નો બતાવે છે?
- શું વ્યક્તિ મુક્તપણે મિત્રો કે કુટુંબીજનનો સંપર્ક કરી શકે છે?
- શું વ્યક્તિને મુક્તપણે સામાજીક બનવાની કે ધાર્મિક કાર્યોમાં હાજર રહેવાની છૂટ મળેલી છે?

### જીવવાની પરિસ્થિતિ દર્શાવતા સૂચકો

- શું વ્યક્તિની કોઈ અંગત વસ્તુઓની ઉણપ દેખાય છે અને તે સ્થિર રીતે જીવન ન જીવતો હોય તેવી સ્થિતિમાં હોવાનું જણાય છે?
- શું વ્યક્તિ હરવાફરવાની સ્વતંત્રતા ધરાવે છે? શું વ્યક્તિ જ્યાં જીવે છે ત્યાં મુક્તપણે રહી શકે છે? શું કોઈ ગેરવ્યાજબી સુરક્ષાના પગલાઓ જણાય છે?
- શું વ્યક્તિ પોતને ખોરાક, પાણી, ઊંઘ કે તબીબી સંભાળ લેવાની મનાઈ ફરમાવી હોય તેવા ચિહ્નો બતાવે છે?

### પ્રવાસ સૂચકો

- શું વ્યક્તિ પોતાનું અંતિમ નિર્ધારિત સ્થળ જાણે છે? અથવા વ્યક્તિ ત્યાં કેવી રીતે પહોંચશે?
- શું વ્યક્તિ પોતાના અંતિમ નિર્ધારિત સ્થળે પોતાને મળનાર વ્યક્તિને જાણે છે?
- શું બાળક પોતાના સાચા માતા-પિતા કે વાલી ન જણાતા હોય તેવી કોઈ વ્યક્તિ સાથે પ્રવાસ કરી રહ્યું છે?

### તબીબી સૂચકો

- શું વ્યક્તિને ચાઠા, દાઝેલો ભાગ, શરીરનો કોઈ ભાગ કાપેલો કે ચેપ હોવાનું જણાય છે?
- શું વ્યક્તિને પોતાનો તબીબી ઇતિહાસ પૂરો પાડવામાં કોઈએ અટકાવેલ છે અથવા શું વ્યક્તિ તેવું કરવામાં મર્યાદિત છે?
- શું વ્યક્તિ પેશાબ સંબંધિત તકલીફો, પેડુ સંબંધી દુઃખાવા, સગર્ભાવસ્થા કે ગુદા માર્ગમાં ઇજાથી પીડાઇ રહી છે?
- શું વ્યક્તિ કોઈ દીર્ઘકાલીન પીઠની, સાંભળવાની, હૃદય અને રક્તવાહિનીઓની કે શ્વસનની સમસ્યાઓ અનુભવી રહી છે?
- શું વ્યક્તિની દૃષ્ટિ નબળી છે કે આંખની કોઈ સમસ્યાઓ છે?
- શું વ્યક્તિ કુપોષિત હોય કે તેઓને દાંતની ગંભીર સમસ્યાઓ હોય તેવું જણાય છે?

BLUE CAMPAIGN
One Voice. One Mission. End Human Trafficking.